# ધોળકા તાલુકા/શહેર કિસાન તેમજ મહિલા મોરચા દ્વારા આયોજિત મિલેટ્સ જાગૃતતા કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ.,અરણેજ, ની સહભાગિતા

તા.૨૩/૦૪/૨૦૨૩, રવિવાર ના રોજ ધોળકા તાલુકા/શહેર કિસાન તેમજ મહિલા મોરચા દ્વારા મિલેટ્સ જાગૃતતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ. અરણેજ ના વૈજ્ઞાનિકો ભાગ લઈ સહભાગી થયા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ધોળકા તાલુકાના ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભી, ગુજરાત પ્રદેશ કિસાન મોરચા મંત્રી શ્રી નાગરભાઈ જેડીયા, ધોળકા શહેર નગરપાલિકા પ્રમુખ શ્રીમતી રીનાબેન ત્રિવેદી, પૂર્વ ધારાસભ્ય શ્રી કાંતિભાઈ લકુમ, જિલ્લા કિસાન મોરચા મહામંત્રી શ્રી રામસંગભાઈ ચાવડા, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેયરમેન શ્રી દેવેશભાઈ પટેલ, મહિલા મોરચાના શ્રીમતી ભારતીબેન રાણા,અને ખૂબ બહોડી સંખ્યા માં ભાઈઓ અને બહેનોએ ભાગ લીધેલ હતો.

કાર્યક્રમમાં ડો. કે. ડી. ગુલકરી, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ, અરણેજ હાજર રહ્યા હતા તેમના દ્વારા હલકા ધાન્યનું ચલણ વધે તેમજ લોકોમાં "શ્રી અન્ન" ની સ્વીકૃતિ સામાન્ય બને તે અંગે સહકાર અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રની કટીબદ્ધતા દર્શાવી હતી. શ્રીમતી હિના એચ. ચાવડા, વૈજ્ઞાનિક (ગૃહ વિજ્ઞાન) એ મિલેટ્સ અને તેનાથી માનવજીવનને થતાં લાભાલાભ વિષય ઉપર વ્યકતવ્ય આપ્યું હતું.

કાર્યક્રમ દરમ્યાન મિલેટ્સની વાનગીઓ નું પ્રદર્શન તેમજ જીવંત નિદર્શન નું આયોજન પણ કરવામાં આવ્યું હતું.






